NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમિક્ષા કેન્દ્ર સેક્ટર- ૧૯,
ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન નં. ૦૭૯.૨૩૨૪૩૧૩૩, ૨૯૬૩૮૪૦૪
Email: ssamcivilgcpe@gmail.com
Website: www.ssagujarat.org
સિવિલ હેલ્પલાઇન નં. ૦૭૯-૨૨૮૮૦૦૫૧

ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૬/ 13461-464 તા. 16/03/2026

To,
Parin Enterprises Limited
Plot No, 1 2 3 of the Revenue Survey No. 33, 8-B
National Highway, Gondal Road, Tal Gondal,
Bilayala, Rajkot, GUJARAT-360311
Email id : parin@parinfurniture.com
Contact No. 08141300013
GSTIN : 24AAECP1870C1ZT

સમગ્ર શિક્ષા કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતેથી તા.૧૨.૦૩.૨૦૨૫ના રોજ શાળાઓમાં ૧૨૩૭૫ નંગ બેંચ આપવા માટે GeM Portal પર બીડ કરવામાં આવેલ. જેનો બીડ નં GEM/2025/B/6052346 છે. આપની એજન્સી મેં. પરીન એન્ટરપ્રાઈઝ લીમીટેડ L1 તરીકે આવેલ હોઈ આપને બેંચના ઉત્પાદન કરી શાળાઓમાં સપ્લાય કરવાનો ઓર્ડર તા.૦૧.૦૭.૨૦૨૫ના રોજ GEM Portal પર આપવામાં આવેલ છે જેનો Contract number & Sanction Order નં GEMC- 511687708497480 છે. અત્રેની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલ QAP મુજબ એજન્સી દ્વારા બેંચનો લોટ તૈયાર કરી અત્રેની કચેરીએ જાણ કરવામાં આવે છે આપના દ્વારા તૈયાર કરવામાં આવેલ બેંચના પ્રથમ લોટનું થર્ડ પાર્ટી CIPET સંસ્થા દ્વારા પરીક્ષણ કર્યા બાદ તેના ટેસ્ટીંગ રીઝલ્ટ પાસ આવતા CIPET સંસ્થા દ્વારા બેંચ ઉપર હોલોગ્રામ લગાવ્યા બાદ આપના દ્વારા પ્રથમ લોટનો ૬૦૦૦ નંગ બેંચનો સપ્લાય કરવામાં આવેલ. ત્યારબાદ આપના દ્વારા બાકી રહેલ ૬૩૭૫ નંગ બેંચનો લોટ તૈયાર કરવામાં આવેલ જેમાં થર્ડ પાર્ટી CIPET સંસ્થા દ્વારા તેનું પરીક્ષણ કરતા તેનું રીઝલ્ટ ફેઈલ આવેલ છે તેમ છતા આપના દ્વારા બેંચનો સ્પલાય શાળાઓમાં કરવામાં આવેલ છે જે ખુબ જ ગંભીર બાબત હોઈ આપની પાસેથી આ બાબતનું સ્પષ્ટીકરણ માંગતા આપના દ્વારા આ ગંભીર ભૂલ કરવામાં આવેલ છે જે બદલ આપ દિલગીર છો તેમજ આવી કોઈ બેદરકારી ફરી ક્યારેય ન થાય તે માટેની આપના દ્વારા સંપૂર્ણ ખાતરી આપેલ. જે અત્રેની કચેરી દ્વારા માન્ય રાખવામાં આવેલ નથી. બેંચના લોટ -૨ના રીઝલ્ટ ફેઈલ આવવાના કારણે અત્રેની કચેરીના ઇજનેર, આપની કંપનીના પ્રતિનિધિ તેમજ શાળાના આચાર્યની હાજરીમાં ૧૦ શાળાઓની મુલાકાત લઇ શાળા દીઠ ૧ નંગ બેંચ લઈને CIPET સંસ્થામાં ટેસ્ટીંગ માટે મોકલી આપવામાં આવેલ, જે ૧૦ શાળાઓમાંથી લેવામાં આવેલ બેંચના રીઝલ્ટ ફેઈલ આવેલ છે. જે તમામ રીઝલ્ટ આ સાથે સામેલ છે. ટેસ્ટ રીપોર્ટ જોતા આપના દ્વારા સપ્લાય કરવામાં આવેલ બેંચનો ઈરાદાપૂર્વક ખરાબ ગુણવતાનો માલ સપ્લાય કરવામાં આવેલ છે, ટેસ્ટ રીપોર્ટ પાસ થયા વગર શાળામાં બેંચ સપ્લાય કરીને અત્રેની કચેરીએ બીલ પણ રજુ કરેલ છે જે માનવસહજ ભૂલ નથી તેવું જણાઈ આવે છે જેથી M/s. Parin Enterprises Limited ( Formerly Known as Parin Furniture Limited) , Plot No, 1 2 3 of the Revenue Survey No. 33, 8-B, National Highway, Gondal Road, Tal Gondal, Bilayala, Rajkot, GUJARAT-360311, Email Id: parin@parinfurniture.com, Contact No. 08141300013, GSTIN: 24AAECP1870C1ZT ની સમક્ષ નીચે મુજબના શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

- ૫ વર્ષ માટે સમગ્ર શિક્ષા/ શિક્ષણ વિભાગ ખાતે કોઈપણ પ્રકારના બિડિંગ અથવા ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે પ્રતિબંધ (Debarment) મુકવામાં આવે છે.
- બીડ નં. GEM/2025/B/6052346, GEM/2025/B/6345077 અને GEM/2025/B/6363732 અંતર્ગત આપના કરાર રદ કરવામાં આવે છે
- બીડ નં GEM/2025/B/6052346ની EPBG જપ્ત કરવામાં આવે છે. આ બીડ અંતર્ગત પ્રથમ રનીંગ બીલ પેટે ૧૩૬૨ બેંચના રૂા. ૮૫૬૮૩૪૨.૦૦/-, બીજા રનીંગ બીલ પેટે ૧૭૩૪ બેંચના રૂા. ૧૦૯૦૮૫૯૪.૦૦/- અને ત્રીજા રનીંગ બીલ પેટે ૨૮૯૪ બેંચના રૂા. ૧૮૨૦૬૧૫૪.૦૦/-, એમ કુલ ૫૯૯૦ બેચના રૂા. ૩૭૬૮૩૦૯૦.૦૦/- ચુકવવામાં આવેલ છે. લોટ- ૨ની બેંચોના ટેસ્ટીંગ ફેલ હોવાને કારણે આપના દ્વારા રજુ કરવામાં આવેલ કોઈપણ બીલનું ચૂકવણું કરવામાં આવશે નહિ.
- સમગ્ર શિક્ષા દ્વારા હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ સ્વીકારવામાં આવતી નથી. આપના દ્વારા આપવામાં આવેલ લોટ- ૨ની બેંચો હલકી ગુણવત્તાની હોય આ બેંચો ૨ મહિનાની અંદર સ્વખર્ચે પરત લેવાની રહેશે.
- બીડ નં GEM/2025/B/6345077 અને GEM/2025/B/6363732ની EPBG આપના દ્વારા ભરવામાં આવેલ ન હોઈ અગાઉના બીડ નં GEM/2023/B/3349535, GEM/2024/B/4420259 અને GEM/2022/B/2104034 માંથી કપાત કરવામાં આવશે.
- આપની સમક્ષ GeM Portal પર પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ આદેશ સરકારશ્રીના હિતમાં તથા આ કામ કે ઇજારદારશ્રી પ્રત્યે કોઈપણ જાતના પૂર્વગ્રહ રાખ્યા સિવાય કરવામાં આવે છે.

> તા.૧૧.૦૩.૨૦૨૬ના રોજ ૮૧મી એક્ઝીક્યુટીવ કમિટીની મીટીંગમાં મળેલ બહાલી અન્વયે

સ્ટેટ પ્રોજેક્ટ ઇજનેર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

- બિડાણ : CIPET સંસ્થા દ્વારા આપેલ ટેસ્ટીંગ રીપોર્ટસ
- **નકલ સવિનય રવાના જાણ સારૂં :**
  - માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
  - ઉપનાયબ સચિવશ્રી , શિક્ષણ વિભાગ, બ્લોક નં ૫, આઠમો માળ સચિવાલય, ગાંધીનગર.
  - ઉદ્યોગ અને ખાણ કમિશનરશ્રી, બ્લોક નં -૧, પાંચમો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.